# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

web:-www.suratdeo.org


ક્રમાંક: મા-૨/૨૦૨૬/2571 તા.20/૦૨/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ

સુરત.જિ.સુરત

વિષય: 'વર્લ્ડ એનેમિયા અવેરનેસ ડે' ની ઉજવણી અને કાર્યક્રમોના આયોજન બાબત.

સંદર્ભ : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ના પત્રક્રમાંક:મઉશબ/સંશોધન/૨૦૨૬/૯૨૬-૬૦ તા.૧૭/૦૨/૨૦૨૬

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, એનેમિયા (લોહીની ઉણપ) એ જાહેર આરોગ્ય માટે એક અત્યંત પડકારજનક સમસ્યા છે. એનેમિયા માત્ર બાળકો, સગર્ભા બહેનો કે ધાત્રી માતાઓ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે દરેક વયજૂથની વ્યક્તિઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અસર કરે છે. (ખાસ કરીને ૧૫-૧૯ વર્ષની કિશોરીઓમાં એનેમિયાનું પ્રમાણ ૬૯% નોંધાયેલ છ). આ જ કિશોરીઓ ભવિષ્યનની જનની થનાર છે જેની અસર આવનાર બાળક પર પડશે.આમ, ભવિષ્યની માતા અને તેનાબાળકમાં હિમોગ્લોબીનની ઉણપથી એકંદરે સમાજના સર્વાંગી વિકાસ પર વિપરીત અસર ન પડે તે માટે સદર શાળાઓને વર્લ્ડ એનેમિયા અવેરનેસ ડે (18 ફેબ્રુઆરી ૨૦૨૬) ની ઉજવણી કરવા માટે જાણ તથા અમલ સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિ.સુરત

બિડાણ: ઉક્ત પરિપત્રની નકલ

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2026/૧૨૯-૯૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.17/02/2026

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ
ગુજરાત રાજ્ય.

વિષય:- 'વર્લ્ડ એનિમિયા અવેરનેસ ડે'ની ઉજવણી અને કાર્યક્રમોના આયોજન બાબત.
સંદર્ભ:- કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આ.વિ.)નો પત્ર તા.16/02/2026

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે અનુસાર એનિમિયા (લોહીની ઉણપ) એ જાહેર આરોગ્ય માટે એક અત્યંત પડકારજનક સમસ્યા છે. એનિમિયા માત્ર બાળકો, સગર્ભા બહેનો કે ધાત્રી માતાઓ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે દરેક વયજૂથની વ્યક્તિઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અસર કરે છે (ખાસ કરીને કિશોરીઓમાં.) નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-5 પ્રમાણે 15-19 વર્ષની કિશોરીઓમાં આ પ્રમાણ 69% નોંધાયેલ છે. લોહીની ઉણપને કારણે વ્યક્તિની કાર્યક્ષમતામાં ઘટાડો થાય છે, આ જ કિશોરીઓ ભવિષ્યની જનની થનાર છે જેની સીધી અસર એના અવતરનાર બાળક પર પડશે. આમ, ભવિષ્યની માતા અને તેના બાળકમાં હિમોગ્લોબીનની ઉણપ એકંદરે સમાજનાં સર્વાંગી વિકાસ પર વિપરીત અસર પાડી શકે છે.

વર્લ્ડ એનીમિયા અવેરનેસ ડે (18 ફેબ્રુઆરી 2026) અન્વયે આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંદર્ભ દર્શિત પત્રમાં જણાવ્યા મુજબની જરૂરી કાર્યવાહી કરવા અંગે આપની કક્ષાએથી સૂચના આપશો.

બિડાણ:

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરી, સુરત.
આવક નંબર :- 2506
તારીખ :- ૨૧-૨
શાખા :-
સહી :- ૧૮/૨

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:
- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

નં.પ.ક./25-26/SNC/World anemia aware day/ 2026
કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ (આ.વિ),
બ્લોક નં – ૫/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
ફોન નં ૦૭૯-૨૩૨-૫૩૩૧૧
ઇમેલ- addir1.health.fw@gmail.com
તા.

ડૉ.નયન જાની
અધિક નિયામક (પ.ક.)

વિષય: ૧૮મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ તમામ શાળાઓમાં 'વર્લ્ડ એનિમિયા અવેરનેસ ડે' ની ઉજવણી અને કાર્યક્રમોના આયોજન બાબત

આપ સૌ સુવિદિત હશો કે એનિમિયા (લોહીની ઉણપ) એ જાહેર આરોગ્ય માટે એક અત્યંત પડકારજનક સમસ્યા છે. એનિમિયા માત્ર બાળકો, સગર્ભા બહેનો કે ધાત્રી માતાઓ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તે દરેક વયજૂથની વ્યક્તિઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અસર કરે છે. (ખાસ કરીને કિશોરીઓમાં). નેશનલ ફેમિલી હેલ્થ સર્વે-૫ (NFHS-5, ૨૦૧૯-૨૦) પ્રમાણે ૧૫-૧૯ વર્ષની કિશોરીઓમાં આ પ્રમાણ ૬૯% નોંધાયેલ છે. લોહીની ઉણપને કારણે વ્યક્તિની કાર્યક્ષમતામાં ઘટાડો થાય છે, આ જ કિશોરીઓ ભવિષ્યની જનની થનાર છે જેની સીધી અસર તેના અવતરનાર બાળક પર પડશે. આમ, ભવિષ્યની માતા અને તેના બાળક માં હિમોગ્લોબીન ની ઉણપ એકંદરે સમાજ નાં સર્વાંગી વિકાસ પર વિપરીત અસર પાડી શકે છે.

જેને ધ્યાને લઈ, વર્લ્ડ એનિમિયા અવેરનેસ ડે (૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬) નિમિત્તે વિભિન્ન વિભાગો (આઈ.સી.ડી.એસ., શિક્ષણ, માહિતી, ગ્રામ વિકાસ ઈત્યાદિ) સાથે જરૂરી સંકલન સાધીને જિલ્લા /કોર્પોરેશન કક્ષાએથી નીચે મુજબની કામગીરી સુનિશ્ચિત કરવાની રહેશે:

અ. T4 કેમ્પનું આયોજન (Test-Treat-Talk-Track) સ્ત્રી આરોગ્ય કાર્યકર દ્વારા તેઓનાં સ્થાનિક મમતા દિવસ દરમ્યાન (ચાલુ પ્લાનિંગ મુજબ) સગર્ભા અને ધાત્રી માતાઓની તપાસ અને સારવાર કરવાની રહેશે. તેમજ આર. બી.એસ. કે ટીમ ની તેમના ચાલુ પ્લાનિંગ માં હોય તે શાળાની તપાસણી દરમ્યાન આ પ્રવૃતિ કરવાની રહેશે :

- Test: લાભાર્થીઓના હિમોગ્લોબિનની તપાસ કરવી.
- Treat: Hb રિપોર્ટના આધારે એનિમિયાના પ્રકાર (Mild, Moderate & Severe) મુજબ લાભાર્થીઓને આયર્નની ગોળીઓ, રેફરલ સેવા અને યોગ્ય સારવાર ઉપલબ્ધ કરાવવી.
- Talk: પોષણયુક્ત આહાર, એનિમિયા નિવારણના ઉપાયો તેમજ IFA (Iron Folic Acid) ટેબ્લેટના સેવનથી થતા ફાયદાઓ વિશે વ્યક્તિગત કે સામૂહિક પરામર્શ (Counselling) આપવો.
- Track: એનિમિયા ધરાવતા તમામ લાભાર્થીઓની યાદી તૈયાર કરી, દર ૧૫ દિવસે આરોગ્ય કર્મચારીઓ દ્વારા ફરજિયાત ફોલો-અપ લેવું.

બ. જાગૃતિ અભિયાન અને સોશિયલ મીડિયા

- વિવિધ ડિજિટલ પ્લેટફોર્મ્સ અને સોશિયલ મીડિયાના માધ્યમથી એનિમિયા વિરોધી સંદેશાઓનો વ્યાપક પ્રસાર કરવો
- સ્થાનિક સ્તરે જનજાગૃતિ રેલી, શાળાઓ અને આંગણવાડી કેન્દ્રોમાં ક્વિઝ તથા પોસ્ટર સ્પર્ધાઓનું આયોજન કરવું.
- શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે આરોગ્ય, પોષણ અને IFA ટેબ્લેટના મહત્વ અંગે વિશેષ જાગૃતિ સત્રો યોજવા.

ક. વાલી-શિક્ષક મીટિંગ (PTM) અને SMC સંકલન

- શિક્ષણ વિભાગ સાથે સંકલન કરી દરેક શાળામાં સ્કૂલ મેનેજમેન્ટ કમિટી (SMC) અને વાલી-શિક્ષક મીટિંગનું આયોજન કરવું.
- આ બેઠકોમાં આરોગ્ય સ્ટાફની ઉપસ્થિતિ સુનિશ્ચિત કરવી અને વાલીઓને બાળકના આહારમાં વિવિધતા, ફોર્ટીફાઈડ ખાદ્ય પદાર્થો (ચોખા,

.EC/0085/02/2026 Approved Date: 16-02-2026

anemia aware. ...કબલ ફોર્ટીફાઈડ મીઠું) ના ઉપયોગ અને સાપ્તાહિક આયર્ન ટેબ્લેટના શારીરિક-માનસિક લાભો વિશે સમજ આપવી.

...ગા ડ્રાઈવ: "એક સાથે - એક સમયે - એક ગોળી, એનિમિયા મુક્તિનો સંકલ્પ"

- જિલ્લામાં મેગા ડ્રાઈવ અંતર્ગત જિલ્લા પંચાયત/કલેક્ટર કચેરીથી લઈ આંગણવાડી કેન્દ્રો અને શાળાઓમાં એક જ સમયે દરેક પાત્રતા ધરાવતા લાભાર્થીઓ (બાળકો, કિશોર-કિશોરીઓ, સગર્ભા/ધાત્રી માતાઓ, ૧૫-૪૯ વર્ષની મહિલાઓ) IFA ટેબ્લેટનું સેવન કરે તેવું સુદ્રઢ આયોજન કરવું. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય સામૂહિક સ્વાસ્થ્ય પ્રત્યે સભાનતા લાવવાનો છે.

અધિક નિયામક (પ.ક.)
ગાંધીનગર

પ્રતિ,

- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત.. તમામ
- મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ, મ્યુનિસિપલ કોર્પોરેશન.. તમામ

નકલ સવિનય રવાના:-

- કમિશ્નરશ્રી આરોગ્ય (અર્બન), ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડિરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- કમિશનરશ્રી આઈ.સી.ડી.એસ , ગાંધીનગર
- કમિશ્નરશ્રી આરોગ્ય (ગ્રામ્ય) વ મિશન ડાયરેક્ટરશ્રી (એન.એચ.એમ), ગાંધીનગર

નકલ રવાના:

- વિભાગીય નાયબ નિયામકશ્રી, વિ.નાં.નિ.કચેરી ... તમામ
- આર.સી.એચ.ઓશ્રી, જિલ્લા પંચાયત / મ્યુનિ કોર્પો તમામ તરફ અમલવારી સારું
- સ્ટેટ નોડલ ઓફિસરશ્રી, SHRBSK, મજકુર કચેરી, ગાંધીનગર
- મેડિકલ ઓફિસરશ્રી, RKSK, મજકુર કચેરી, ગાંધીનગર